રજુ તારીખઃ ૧૨/૯/૨૦૨૨
નોંધ્યા તારીખઃ ૧૨/૯/૨૦૨૨
ફેંસલ તારીખઃ ૦૮/૦૧/૨૦૨૫
અવધિઃ વર્ષ માસ દિવસ

સુરતના મહે. જયુડીશીયલ મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની (થર્ડ) કોર્ટ માં.

ફોજદારી કેસ નંબર ૫૬૮૨૭/૨૦૨૨

આંક–.......

ફરીયાદીઃ સાગર વિનોદભાઇ પરમાર તે સાગર ઈન્ડસ્ટ્રીઝના પ્રોપાયટર
રહે.શેડ નં.૧, રોડ નં.૮ ઉધના ઉધોગનગર સુરત

વિરુદ્ધ

આરોપીઃ જૈમિશ જશવંતભાઇ પટેલ
રહે.૪૦૨ રાજ એવન્યુ હેપ્પી હોમ સામે, ડીઆરબી કોલેજ પાસે, ન્યુ સીટીલાઇટ સુરત

ગુનોઃ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમઃ ૧૩૮ અન્વયે

ફરીયાદી તરફે વિ.વ.શ્રી – કે.સી.પાનવાલા
આરોપી તરફે વિ.વ.શ્રી – જે.એમ.મિસ્ત્રી

--// ચુ કા દો //--

૧. ફરીયાદીએ અદાલતમાં આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમઃ ૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુના સબબની ખાનગી ફરીયાદ આપતા ફરીયાદીનું ક્રી.પ્રો.કોડની કલમ–૨૦૦ હેઠળ વેરીફીકેશન નોંધી આરોપી સામે ધી

નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું કોગ્નિજન્સ લેવામાં આવેલ અને સદર ગુનાના આરોપીને સમન્સ કરવામાં આવેલ અને તે રીતે ઈન્સાફી કાર્યવાહી ઉત્પન્ન થયેલ છે.

૨. ફરીયાદ પક્ષની ટુકમાં હકીકત એવી છે કે, આરોપી જૈમિશ ટેક્ષટાઇલના પ્રોપાઇટર તરીકે ધંધો કરતી આવેલ અને ધંધાકીય વ્યવહાર પેટે આપેલ ચેક રીટર્ન થતા ખાનગી ફો.કે.નં.૧૭૮૮૬/૨૦૨૦, ૨૭૨૮૦/૨૦૨૦, ૭૩૮૫૭/૨૦૨૧ છે અને જે પેન્ડીંગ કેસનું સેટલમન્ટ તા.૪.૧૦.૨૦૨૧ ના રોજ આરોપી ફરિયાદી વચ્ચે તા.૧૯૬૩૫૭૯/– માં થયેલ અને તે સમાધાન કરાર નોટરાઈઝ કરાવેલ તે સમાધાન પેટે કુલ ૧૪ ચેકો આપેલ અને તે પૈકી એસોસિએટસ બેન્કનો ચેક નં.૦૦૦૧૦૨, ચેક નં.૦૦૦૧૧૩ કુલ રૂ.૪૦૦૦૦૦/–નો સહી કરી આપેલ જે ચેક ફરિયાદી પોતાની બેન્કમાં રજુ કરતા સદરહું ચેકો તા.૨૧.૭.૨૦૨૨ ના અપુરતા ભંડોળના કારણે પરત થયેલ અને જેની ડિમાન્ડ નોટીસ આરોપીના સરનામે મોકલતા નોટીસ તા.૩.૮.૨૦૨૨ ના રોજ બજી ગયેલ છે અને ચેકના નાણા ચુકવી આપેલ નથી જેથી આ ફરિયાદ કરવામાં આવેલી છે.

૩. ત્યારબાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ–૧૩૮ પ્રમાણે ચેક નકારાયાની જાણ થતા ૩૦ (ત્રીસ) દિવસમાં ચેક લખનારને નોટીસ આપવી આવશ્યક હોય જે ચેક રીટર્ન થતા ફરીયાદીએ આરોપીને તેમના વકીલશ્રી મારફતે રજીસ્ટર એડી તથા યુપીસી દ્વારા સ્ટેચ્યુટરી નોટીસ પાઠવેલ જે પૈકી રજીસ્ટર એડી વાળી પ્રત આરોપીને મળી ગયેલ. જે નોટીસ મળવા છતાં

આરોપીએ ફરીયાદીની લેણી રકમની ચુકવણી કરેલ ન હોય આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમઃ૧૩૮ મુજબ હાલની ફરીયાદ કરેલાનું જણાવેલ છે.

૪. આરોપીને કાયદેસર રીતે સમન્સની બજવણી કરતા, આરોપી તેમના વિ.વ.શ્રી મારફત હાજર થતાં સી.આર.પી.સી. કલમઃ ૨૦૭ અન્વયે ફરીયાદ તેમજ તે સાથેની તમામ નકલો પુરી પાડવામાં આવેલ છે. આરોપીની આંક–૧૦ થી પ્લી નોંધાયેલ છે જે સી.આર.પી.સી. કલમ–૨૫૧ હેઠળના નમુનામાં નોંધાયેલાનું જણાઇ આવે છે તેમજ સમગ્ર ટ્રાયલ દરમ્યાન પડેલ પુરાવો ચકાસતાં પણ બંને પક્ષકારોએ પુરતી તક લઇને વિગતવારનો પુરાવો નોંધાયેલાનું જણાઇ આવે છે. આમ, સમગ્ર ટ્રાયલ સમન્સ ટ્રાયેબલ મુજબ ચાલેલ હોવાનું માની શકાય તેમ છે.

૫. આ કામના આરોપી સામેનો ગુનો પ્રસ્થાપિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ફરીયાદ પક્ષે રજુ કરેલ છે.

<u>ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખિક પુરાવા</u>

આંક	વિગત
૪	સાગર વિનોદભાઇ પરમાર તે સાગર ઈન્ડસ્ટ્રીઝના પ્રોપાયટરની સોગંદ પરની સરતપાસ

<u>ફરીયાદ પક્ષે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા</u>

આંક	વિગત

૧૩	ફરિયાદીનું જીએસટી સર્ટી
૧૪	સમાધાન કરાર
૧૫–૧૬	અસલ ચેક નં.૦૦૦૧૦૨ અને ચેક રીટર્ન મેમો
૧૭–૧૮	અસલ ચેક નં.૦૦૦૧૧૩ અને ચેક રીટર્ન મેમો
૧૯	આરોપીને આપેલ નોટીસ
૨૦	પોસ્ટની પાવતી
૨૧	પોસ્ટ એકનોલેજમેન્ટૌ
૨૨	પોસ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ
૨૩	ફરિયાદીનું બેન્ક સ્ટેટમેન્ટ

આરોપી પક્ષે રજુ કરેલ મૌખિક પુરાવા

આંક	**વિગત**
–	–––

આરોપી પક્ષે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા

આંક	**વિગત**
––	––––––

આ કામે ફરીયાદ પક્ષ તરફથી વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય ફરીયાદીપક્ષ તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરતા ફરીયાદ પક્ષ તરફે પુરાવો બંધ કરેલ છે.

૬. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીને પોતાની વિરૂધ્ધના પુરાવા બાબતે ખુલાસો કરવાની તક મળે તે હેતુથી ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ અન્વયે નિવેદનના લેવામાં આવેલ .

૭. ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે. વધુમાં, આરોપી પક્ષે દલીલ રજુ કરતા ન હોય આંક ૩૧ લગત હુકમ કરી આરોપીની દલીલનો હકક બંધ કરેલ છે.

૮. ઉપરોકત કેસની હકીકતો, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓ તેમજ વિ.વ.શ્રીઓ ની રજુઆતો ધ્યાને લેતાં મારા આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

-// મુદ્દા //-

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી જૈમિશ ટેક્ષટાઇલના પ્રોપાઇટર તરીકે ધંધો કરતી આવેલ અને ધંધાકીય વ્યવહાર પેટે આપેલ ચેક રીટર્ન થતા ખાનગી ફો.કે.નં.૧૭૮૮૬/૨૦૨૦, ૨૭૨૮૦/૨૦૨૦, ૭૩૮૫૭/૨૦૨૧ છે અને જે પેન્ડીંગ કેસનું સેટલમન્ટ તા.૪.૧૦.૨૦૨૧ ના રોજ આરોપી ફરિયાદી વચ્ચે તા.૧૯૬૩૫૭૯/- માં થયેલ અને તે સમાધાન કરાર નોટરાઇઝ કરાવેલ તે સમાધાન પેટે કુલ ૧૪ ચેકો આપેલ અને તે પૈકી એસોસિએટસ બેન્કનો ચેક નં.૦૦૦૧૦૨, ચેક નં.૦૦૦૧૧૩ કુલ રૂ.૪૦૦૦૦૦/-નો સહી કરી આપેલ જે ચેક ફરિયાદી પોતાની બેન્કમાં રજુ કરતા સદરહું ચેકો તા.૨૧.૭.૨૦૨૨ ના અપુરતા ભંડોળના કારણે પરત થયેલ અને જેની ડિમાન્ડ નોટીસ આરોપીના સરનામે મોકલતા નોટીસ તા.૩.૮.૨૦૨૨ ના રોજ બજી ગયેલ છે અને ચેકના નાણા ચુકવી આપેલ નથી તેમ કરી

ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમઃ ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

-// કારણો //-

૯. કારણોમાં નોધાયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટના પ્રબંધો તેમજ તે અંતર્ગત નામદાર સુપ્રિમકોર્ટ તેમજ નામદાર વડી અદાલતના અસંખ્ય પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ તેમજ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ મુલ્યાંકન કરવાની જે કાર્યરીતી પ્રસ્થાપિત થયેલ છે, તેની ચર્ચા કરીએ તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમઃ ૧૩૮ ની ફરીયાદ સબબ ફરીયાદીએ સૌપ્રથમ સદરહું કાયદાની કલમઃ ૧૧૮ અને ૧૩૯ ના અનુમાનો પોતાની તરફેણમાં કરાવવા માટે મુદત અંદરના ચેક, રીટર્ન મેમા, ડીમાન્ડ નોટીસ અને બજવણી અંગેના પોસ્ટ ખાતાના આધારો રજુ કરાવવાના રહે છે અને તે પ્રાથમિક જવાબદારી ફરીયાદ પક્ષે પુર્ણ થયા બાદ તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી પક્ષે રહે છે.

સદરહું ખંડન આરોપી પક્ષે સબળ મૌખિક તેમજ દસ્તાવેજી આધાર પુરાવાથી કરવાની રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સદરહું ખંડન કરવાની આરોપી પક્ષની જવાબદારી ફરીયાદપક્ષની જવાબદીરીની જેમ નિઃશંકપણે પુરવાર કરવાની રહેતી નથી. પરંતુ શકયતાની પ્રબળતાના આધારે (પ્રિપ્રોન્ડરન્સ ઓફ

પ્રોબેબીલીટી)ના સિધ્ધાંત મુજબ કરવાની રહે છે અને સદરહું શકયતાની પ્રબળતા એક ડહાપણ ભરી સામાન્ય બુધ્ધિથી તેવી શકયતા માની શકાય તેમ છે કે માની શકાય તેમ નથી, તેના આધારે મુલ્યાંકન કરવાનું રહે છે અને આ રીતે સામાન્ય ડહાપણ ભરી બુધ્ધિથી આરોપી દ્વારા જો શકયતાની પ્રબળતા ઉભી કરાયેલ હોય અને તેનાથી માની શકાય તેમ હોય કે, ફરીયાદીની લેણી રકમનો આરોપીએ ખંડન કરેલ છે તો તેવા સંજોગોમાં ફેર ફરીયાદી ઉપર આરોપી વિરૂધ્ધ તેવી લેણી રકમ નિકળતી હોવાનું પુરવાર કરવાની સાબીતીનો બોજો નિઃશંકપણે પુરવાર કરવાના સિધ્ધાંતને અનુસરીને આવી પડે છે અને તે પુરવાર કરવામાં ફરીયાદી સફળ થાય છે કે નહી, તેના આધારે ફરીયાદનો અંતિમ નિણય લેવાનો રહે તો હોય છે.

૧૦. ફરીયાદપક્ષ તરફે **ફરિયાદી સાગર વિનોદભાઈ પરમાર તે સાગર ઈન્ડસ્ટ્રીઝના પ્રોપાયટરની સોગંદ પરની સરતપાસ આંક-૪ થી** રજુ કરેલ છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં ફરિયાદને અનુરૂપ હકીકતો જણાવેલ છે અને આંક ૨૭ લગત હુકમ કરી આરોપીનો ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૧૧. ફરીયાદ પક્ષે વિ.વ.શ્રીનાઓએ દલીલમા જણાવે છે કે અદાલતમાં આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમઃ ૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુના સબબની ખાનગી ફરીયાદ આપેલ છે અને જણાવેલ છે કેઆરોપી જૈમિશ ટેક્ષટાઈલના પ્રોપાઈટર તરીકે ધંધો કરતી આવેલ અને ધંધાકીય વ્યવહાર પેટે આપેલ ચેક રીટર્ન થતા ખાનગી ફો.કે.નં.૧૭૮૮૬/૨૦૨૦, ૨૭૨૮૦/૨૦૨૦, ૭૩૮૫૭/૨૦૨૧ છે અને જે પેન્ડીંગ કેસનું સેટલમન્ટ

તા.૪.૧૦.૨૦૨૧ ના રોજ આરોપી ફરિયાદી વચ્ચે તા.૧૯૬૩૫૭૯/- માં થયેલ અને તે સમાધાન કરાર નોટરાઈઝ કરાવેલ તે સમાધાન પેટે કુલ ૧૪ ચેકો આપેલ અને તે પૈકી એસોસિએટસ બેન્કનો ચેક નં.૦૦૦૧૦૨, ચેક નં.૦૦૦૧૧૩ કુલ રૂ.૪૦૦૦૦૦/-નો સહી કરી આપેલ જે ચેક ફરિયાદી પોતાની બેન્કમાં રજુ કરતા સદરહું ચેકો તા.૨૧.૭.૨૦૨૨ ના અપુરતા ભંડોળના કારણે પરત થયેલ. ત્યારબાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ-૧૩૮ પ્રમાણે ચેક નકારાયાની જાણ થતા ૩૦ (ત્રીસ) દિવસમાં ચેક લખનારને નોટીસ આપવી આવશ્યક હોય જે ચેક રીટર્ન થતા ફરીયાદીએ આરોપીને તેમના વકીલશ્રી મારફતે રજીસ્ટર એડી તથા યુપીસી દ્વારા સ્ટેચ્યુટરી નોટીસ પાઠવેલ જે પૈકી રજીસ્ટર એડીવાળી પ્રત આરોપીને મળી ગયેલ. જે નોટીસ મળવા છતાં આરોપીએ ફરીયાદીની લેણી રકમની ચુકવણી કરેલ ન હોય આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમઃ૧૩૮ મુજબ આરોપીને દોષિત ઠરાવી કાયદા મુજબ યોગ્ય તે નસીહત કરવા જણાવેલ છે. આમ ફરીયાદીનું આરોપી પાસે કાયદેસરનું લેણું બાકી પડે છે તે હકીકત પુરવાર થયેલ છે.

વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ ૧૩૮ હેઠળના ગુના માટે (૧)ચેક પોતાની જવાબદારી પુરી કરવા આપ્યો હોવો જોઇએ (૨)ચેક અપુરતા બેલેન્સના કારણે પરત આવ્યો જોઇએ (૩)પેઇ અથવા ચેક ધારણ કરનારે ચેક લખનારને યોગ્ય સમયમાં નોટીસ આપી હોવી જોઇએ (૪)નોટીસ બજયાના પંદર દિવસમા ચેક લખનાર તે રકમ ચુકવવામા નિષ્ફળ ગયો હોવો જોઇએ. આમ આ કેસની હકીકત જોતા પણ ફરીયાદ પક્ષ નેગોશીયેબલ ઇન્સટુમેન્ટ એકટ કલમ ૧૩૮ મુજબની તમામ શરતો સાબિત

કરવામા સફળ રહેલ છે. આથી આરોપીને કાયદા મુજબ વધુમા વધુ સજા કરવા જણાવેલ છે.

૧૨. ત્યારબાદ આરોપી તરફે દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

વધુમાં, પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆત તથા સમગ્ર રેકર્ડ તેમજ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ વંચાણે લીધી. અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે, **ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ (જેને હવે પછી આ ચુકાદામાં સરળતા ખાતર, "ધી. એન. આઈ. એક્ટ"** તરીકે સંબોધવામાં આવેલ છે.)ની જોગવાઇ દેશમાં બેંકમાં થતા નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતાને મજબુતી આપવા માટે કરવામાં આવેલી છે. આરોપી વિરૂધ્ધ જે ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે તે ગુના અન્વયે કાયદામાં કરવામાં આવેલ ફરજિયાત અનુમાનને લગતી જોગવાઇ ધ્યાને લેવી જરૂરી છે. જેથી પક્ષકારો તર્ફે રજૂ થયેલ પુરાવાની ચર્ચા કરતા અગાઉ કાયદામાં મહત્વની જોગવાઈની અત્રે નોંધ કરવી જરૂરી છે.

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.–

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by

an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:Provided that nothing contained in this section shall apply unless—(a)the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;(b)the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and(c)the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.Explanation.—For the purposes of this section, “debt or other liability” means a legally enforceable debt or other liability.]

<u>139. Presumption in favour of holder.</u>

It shall be presumed; unless the contrary is proved that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

118. Presumptions as to negotiable instruments of consideration.-

Until the contrary is proved, the following presumptions shall be made:-

(a) of Consideration - that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) as to date - that every negotiable instrument bearing s date was made or drawn on such date ;

(c) as to time of acceptance -- that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer -- that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) as to order of indorsements -- that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) as to stamps -- that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course -- that the holder of a negotiable instrument is a holder in due course; provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of

proving that the holder is a holder in due course lies upon him.

ઉકત કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતાં ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ મુજબ જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારણ કર્તાને આવો ચેક કાયદેસરનું દેવુ અથવા જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન અદાલતે કરવાનું છે. આ સંજોગોમાં અદાલતે તકરારી ચેક કાયદેસરના લેણાં પેટે આપેલ છે તેવુ કાનુની અનુમાન કરવાનું રહે છે. આ તબકકે **નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા, ROHITBHAI JIVANLAL PATEL Versus STATE OF GUJARAT AND ANR.,[2019]3 Supreme 662** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લઇએ તો આરોપીએ શકયતાની પ્રબળતા અન્વયેની હકીકતો રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે, કે જેનાથી કહેવાતો વ્યવહાર અસ્તિત્વમાં ન હોવાની તેમજ સામાન્ય માણસ જે તે સંજોગોમાં વ્યવહારોનું અસ્તિત્વ ન હોવાની હકીકત માને તેવી હકીકત આરોપીએ રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. વધુમાં ફરિયાદપક્ષે કેસની હકીકતોનો માત્ર ઇન્કાર કરવાથી બચાવપક્ષ ઉપર રહેલ પુરાવાના બોજામાંથી મુકિત મેળવી શકાતી નથી તેમ ઠરાવેલ છે. વધુમાં આરોપી દ્વારા ચેક ઉપરની સહિનો સ્વીકાર કરવામાં આવે તે સમયે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ અન્વયેનુ અનુમાન અમલમાં આવે અને આરોપી દ્વારા ચેકએ કાયદેસરનું દેવુ કે જવાબદારી પેટે આપેલ નથી તે પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર રહેલો છે તેવુ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા, **RANGAPPA Versus SHRI MOHAN, AIR 2010 SC 1898** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના **Kumar**

Export Versus Sharma Carpets, 2008 (0) AIJEL_SC 42685 તથા **Hiten P. Dalal Versus Bratindranath Banerjee, (2001) 6 SCC 16** તથા **K. N. Beena Versus Muniyappan and others AIR 2001 SC 2895** તથા **M/s. Kalamani Tex & ANR Versus P. Balasubramanian, 2021 (1) DCR 625** ના ચુકાદાઓમાં તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ ના **Asp Forex Service Pvt. Ltd. Versus Shakti International Fashion Linkers, 2020 (0) AIJEL-SC 65765,** તથા **T. P. Murugan Versus Boja, 2018 (0) AIJEL-SC 62547** ના ચુકાદાઓમાં કરાવેલ છે કે આરોપી દ્વારા ચેક ઈસ્યુ કર્યા અંગે અને તેમાં તેઓ ની સહી હોવાની હકીકત સ્વીકારવામાં આવે તે સમયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ તે સમયે ફરિયાદીની તરફેણમાં તે ચેક કાયદેસરના લેણા અથવા જવાબદારી પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન કરવાનું છે અને તે બાદ આરોપીએ પુરાવા દ્વારા તે અનુમાન નું ખંડન કરવા અંગે સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

વધુમાં, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ અન્વયેનો ખંડનાત્મક પુરાવો રજૂ કરવા માટે આરોપીએ જાતે સાહેદના પાંજરામાં આવવું જરૂરી નથી પરંતુ રેકર્ડ ઉપર રજૂ થયેલ ફરિયાદપક્ષના પુરાવા આધારે પણ પોતાના બોજામાંથી મુકિત મેળવી શકે છે તેવુ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા, **2008 AIR SC 1325, KRISHNA JANARDHAN BHAT Versus DATTATRAYA G. HEGDE** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. વધુમાં જયાં સુધી આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલ અનુમાન અંગે સબળ તેમજ ખાતરીપુર્વકનો પુરાવો રજૂ કરી તેવા અનુમાનનું ખંડન ન કરે ત્યાં સુધી ઈસ્યુ

કરવામાં આવેલ ચેક કાયદેસરના લેણા તેમજ જવાબદારી પેટે આપેલ હોવા અંગે અનુમાન કરવાનું છે તેવુ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **2006 (1) G L H 530, Girishbhai Natvarbhai Patel Versus State of Gujarat and Anr.** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. આરોપી દ્વારા ફરિયાદપક્ષના કેસમાં માત્ર શકયતાની પ્રબળતા દર્શાવવાની છે અને તે માટેનો પુરાવો કે હકીકતો રેકર્ડ ઉપર રજૂ કરે અને પ્રાથમિક પુરાવાથી પુરાવાર કરે તો ફરિયાદીએ તેઓના કેસની હકીકતો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવી જરૂરી છે. સદરહું પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઇ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવાથી આરોપી પોતાના પુરાવાના બોજામાંથી મુકિત મેળવી શકે છે કે કેમ? તે નકકી કરવુ જરૂરી છે.

૧૪. સદર કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો તથા મૌખિક પુરાવો વંચાણે લેતા તેમજ ફરિયાદીની દલીલો ધ્યાને લઇ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામે ફરિયાદપક્ષે આંક–૧૫,૧૭ થી ચેક, આંક–૧૬,૧૮ થી બેન્કનો રીટર્ન મેમો રજુ થયેલ છે અને જે રીટર્ન મેમોમા જણાવેલ કારણ "**ફંડ ઇનશફીશીયન્ટ**"ના શેરા સાથે પરત થયેલ છે જેની જાણ ફરિયાદીએ આરોપીને કરેલ હોવા છતા આરોપીએ કોઇ નાણા ચુકવી આપેલ નથી અને ફરિયાદીએ આરોપીને આરપીએડી થી મોકલેલ નોટીસ આરોપીને સરનામે તા.૩.૮.૨૦૨૨ ના રોજ મળી ગયેલ છે અને તે અંગે આંક ૨૨ થી પોસ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ રજુ કરેલ છે. સદર કામે આરોપીને આંક–૧૯ વાળી નોટીસ જે સરનામા ઉપર આપેલ છે તે સરનામું અને આંક–૨૦ થી રજુ થયેલ રજી.એ.ડી. કર્યાની પહોંચ જોવામાં આવે તો તે પણ નોટીસમાં સરનામે કરવામાં આવેલ છે. વધુમા સદર કામે આંક–૧

ની ફરિયાદ જોવામાં આવે તો તેમા આરોપીનું ઉપરોકત સરનામું જણાવવામાં આવેલ છે અને તે સરનામાં ઉપર આરોપીને સદરહુ કોર્ટનાં સમન્સની બજણવી થયેલ છે અને સદરહુ સમન્સની બજવણી થયા પછી આરોપી અત્રેની કોર્ટમાં હાજર થયેલ છે તે જોતા પણ સરનામું સાચું અને ખરૂ હોવાનુ જણાય આવે છે.

વધુમાં સદરહુ કેસમાં રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો, આરોપી જૈમિશ ટેક્ષટાઈલના પ્રોપાઇટર તરીકે ધંધો કરતી આવેલ અને ધંધાકીય વ્યવહાર પેટે આપેલ ચેક રીટર્ન થતા ખાનગી ફો.કે.નં.૧૭૮૮૬/૨૦૨૦, ૨૭૨૮૦/૨૦૨૦, ૭૩૮૫૭/૨૦૨૧ છે અને જે પેન્ડીંગ કેસનું સેટલમન્ટ તા.૪.૧૦.૨૦૨૧ ના રોજ આરોપી ફરિયાદી વચ્ચે તા.૧૯૬૩૫૭૯/– માં થયેલ અને તે સમાધાન કરાર નોટરાઇઝ કરાવેલ તે સમાધાન પેટે કુલ ૧૪ ચેકો આપેલ અને તે પૈકી એસોસિએટસ બેન્કનો ચેક નં.૦૦૦૧૦૨, ચેક નં.૦૦૦૧૧૩ કુલ રૂ.૪૦૦૦૦૦/–નો સહી કરી આપેલ જે ચેક ફરિયાદી પોતાની બેન્કમાં રજુ કરતા સદરહું ચેકો તા.૨૧.૭.૨૦૨૨ ના અપુરતા ભંડોળના કારણે પરત થયેલ અને જેની ડિમાન્ડ નોટીસ આરોપીના સરનામે મોકલતા નોટીસ તા.૩.૮.૨૦૨૨ ના રોજ બજી ગયેલ છે અને ચેકના નાણા ચુકવી આપેલ નથી. વધુમાં આરોપી તરફે કોઇ પુરાવો રજુ કરેલ નથી કે દલીલ કરેલ નથી. વધુમાં આંક ૧૪ થી રજુ કરાર જોવામાં આવે તો તે નોટરાઇઝ કરારમાં આરોપી ફરિયાદીની સહી છે અને તે સહી આરોપીની ન હોવા અંગે તકરાર લીધેલ નથી તે કરારમાં નાણા ચુકવવાની જવાબદારી સ્વીકારેલ છે તે સંજોગોમાં ફરિયાદીની ફરિયાદને સમર્થન મળી રહે છે.

વધુમાં સદરહુ ચેક રીટર્ન થયાની જાણ તેઓને નોટીસ દ્વારા થઇ ગયેલ હોવાનું માનવાને કારણ છે. વધુમાં તકરારી ચેક કાયદેસરના લેણા પેટે આપેલ ન

હતો તેવું આરોપી તરફે પુરવાર કરેલ ન હોય ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બને છે. વધુમાં, આરોપીનો ચેક ખોવાઈ ગયેલ હોય કે તેનો દુરુપયોગ થયેલ હોય તે અંગે આરોપીએ પોલીસ ફરિયાદ કરેલ હોવાનું જણાય આવતું નથી તેમજ ચેક પર આરોપીની સહી ન હોવા અંગે કોઈ એફ.એસ.એલ.માં ચેક મોકલવાની અરજી આપેલ નથી કે તે ચેકમા સહી ન હોવાની કોઈ હેન્ડરાઈડીંગ એકસપર્ટનો અભિપ્રાય કે તે અંગેનો પુરાવો રજુ કરેલ ન હોય તે સંજોગોમાં ચેક પર આરોપીની સહી હોવાનું માની શકાય તેમ છે અને આરોપીએ પોતાની સહી ન હોવા અંગે કોઈ તકરાર લીધેલ નથી કે આરોપી બેન્ક ખાતું ઓપરેટ કરતા હોય તે ખાતાનો ચેક ન હોવાની કોઈ તકરાર લેવામાં આવેલ નથી.

વધુમાં જોવામાં આવે તો આરોપીએ ફરિયાદીને ચેક આપેલ છે અને જો આરોપીનો ચેક ખોવાઈ ગયેલ હોય કે દુરુપયોગ થયેલ હોય તેવા સંજોગોમાં આરોપીએ કોઈ પોલીસ ફરિયાદ કરેલ હોય કે બેન્કમા ચેકનું પેમેન્ટ સ્ટોપ કરાવેલ હોય તેવું જણાય આવતું નથી. આ કામે આરોપી એવું પુરવાર કરી શકેલ નથી કે તેઓએ કાયદેસરની જવાબદારી સ્વીકારી રકમની ચુકવણી પેટે સહી કરી ફરિયાદીને ચેક આપેલ ન હતો.

૧૫. આમ, ઉપરોકત કરેલ પુરાવાઓનું મુલ્યાંકન તથા ચર્ચા કરેલ કારણોસર એ હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે કે ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ છે તથા આ કામે આરોપીઓ વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૧૮ તથા ૧૩૯ હેઠળ કરવામાં આવતા અનુમાનોનું ખંડન આરોપી કરી શકેલ નથી. આમ હાલના કેસમાં રેકર્ડ પરના પુરાવાઓ, ફરિયાદપક્ષની દલીલો તેમજ ઉપરોકત ચર્ચા કરેલ ચૂકાદાઓના આધારે એમ નિ:શંકપણે સાબિત થાય છે કે,

આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ગુનો કરેલ છે. આમ ઉપરોકત ચર્ચાના આધારે મુદ્દા નં.૧નો નિર્ણય હકારાત્મક ઠરાવવામાં આવે છે અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ હેઠળના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

સબબ કામ આરોપીને સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૮મી માંહે જાન્યુઆરી સને ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૧/૨૦૨૫
સુરત.

(ડો. કુ. સુપ્રીત કૌર ગાબા)
જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
(થર્ડ કોર્ટ) સુરત
યુનીક આઈ.ડી.કોડ નં.જીજે૦૧૬૩૫

૧૬ .. પોકાર કરતા આરોપી કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેલ નથી.

ઉપરોકત સવિસ્તાર ચર્ચા કર્યા મુજબ આરોપીઓ સામે આક્ષેપિત ગુનો નિ:શંક પણે સાબિત કરવા પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અન્વયેના બોજાનું વહન કરવામાં ફરીયાદી સફળ થયેલા છે. ત્યારે આરોપીઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ અન્વયે દોષિત ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં આખરી હુકમ નીચે મુજબ કરૂં છું.

–ઃ આખરી હુકમ ઃ–

(૧) આ કામના આરોપીને **ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુનામાં તકશીરવાન** ઠરાવવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૫૫(૨) અન્વયે આરોપીને ધી નેગોશીયેબલ

ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુનામાં તકશીરવાન ઠરાવી **એક (૧) વર્ષની** સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને **ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૫૭(૩)** અન્વયે **ચેકની રકમ રૂ.૪૦૦૦૦૦/– વળતર તરીકે ફરિયાદીને** ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો વધુ–**૬(છ) માસની સાદી કેદ**ની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ– ૩૬૩ અન્વયે આ ચુકાદાની એક નકલ વિના મુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપીને નોન બેલેબલ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપીના અગાઉના જામીનખત રદ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૮મી માંહે જાન્યુઆરી સને ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૧/૨૦૨૫
સુરત.

(ડો. કુ. સુપ્રીત કૌર ગાબા)
જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
(થર્ડ કોર્ટ) સુરત
યુનીક આઇ.ડી.કોડ નં.જીજે૦૧૬૩૫